ગુજરાત ટુડે

# પી.પી. સવાણી યુનિવર્સિટી દ્વારા દીક્ષાંત સમારોહની ઉજવણી કરાઈ

(સંવાદદાતા દ્વારા)
અંકલેશ્વર, તા.૧૨
પી.પી. સવાણી યુનિવર્સિટી દ્વારા દીક્ષાંત સમારોહની ઉજવણી વૈદિક યજ્ઞ સાથે ૧૧મી જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કરી હતી. દક્ષિણ ગુજરાત સ્થિત આ યુનિવર્સિટીએ શનિવારના દિવસે દીક્ષાંત યજ્ઞ બાદ પરંપરાગત રીતે સમારંભનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ડો.ફારૂક જી. પટેલ (કે.પી. ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર) અને અતિથિ વિશેષ તરીકે પદ્મશ્રી મુક્તાબેન પંકજકુમાર ડગલી ઉપસ્થિત રહ્યા હતા. સમારંભને યુનિવર્સિટીના પ્રમુખ વલ્લભભાઈ સવાણી, મહેશભાઈ સવાણી, પ્રોવોસ્ટ ડો. પરાગ સંઘાણી, રજિસ્ટ્રાર સતીષ બિરાદર, તેમજ ગવર્નિંગ બોડીના સભ્યો, ટ્રસ્ટીગણ, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફે આવકાર્યો હતો. દીક્ષાંત સમારોહમાં વિવિધ કોર્સના ૧૦૩૦ વિદ્યાર્થીઓને ડિગ્રી અને ૨૧ ગોલ્ડ મેડલ એનાયત કરવામાં આવ્યા હતા. આમાં બેચલર ઓફ સાયન્સ, માસ્ટર ઓફ સાયન્સ, ડિપ્લોમા ઈન મેડિકલ ટેક્નોલોજી, ડોક્ટરેટ ઓફ ફિલોસોફી, બેચલર ઓફ ટેકનોલોજી, બેચલર ઑફ નર્સિંગ, અને અન્ય ઘણા કોર્સનો સમાવેશ થયો હતો. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું જતન કરવા તેમજ વૈદિક યજ્ઞ દ્વારા વિશ્વ શાંતિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી. આ સમારંભે વિદ્યાર્થીઓમાં ભારતીયતાનું ગૌરવ વધારવા પ્રેરણા આપી હતી.



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)